Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૧૦૭૦ ● પ્રકાશિત તા-૧૧-૬-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૬
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### ક્રાઈમ બ્રાન્ચ, પાસપોર્ટ ઓફિસ દ્વારા બોગસ ડોક્યુમેન્ટની તપાસ શરૂ

# ચંડોળા : ૫૫૦ પાસપોર્ટની તપાસમાં ઘણા બોગસ ડોક્યુમેન્ટથી નીકળ્યાનું ખુલ્યું

### પોલીસને વધુ બે એજન્ટની વિગતો મળી, બોગસ ડોક્યુમેન્ટને આધારે ઘણા લોકો વિદેશ જતા રહ્યા



અમદાવાદ : ચંડોળામાં મેગા ડિમોલિશન થકી દબાણો હટાવાયા છે. પોલીસને તપાસ દરમિયાન સંખ્યાબંધ ઘૂસણખોરોએ બોગસ ડોક્યુમેન્ટને આધારે પાસપોર્ટ કઢાવી લીધા હોવાની વિગતો ખુલી હતી. ક્રાઈમ બ્રાન્ચ અને પાસપોર્ટ ઓફિસ દ્વારા હાલ ૫૫૦ પાસપોર્ટની તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જ ઘણા લોકોએ બોગસ ડોક્યુમેન્ટને આધારે પાસપોર્ટ કઢાવ્યા હોવાનું જણાયું છે. આ ઉપરાંત બોગસ ડોક્યુમેન્ટને આધારે નીકેળલા પાસપોર્ટ પર લોકો વિદેશ પણ પહોંચી ગયા છે. ચંડોળા અને સરદારનગરના એજન્ટો આ કાંડ કરતા હોવાની વિગતોને આધારે અગાઉ આવા ચાર એજન્ટ ઝડપાયા હતા અને વધુ બે એજન્ટને પોલીસે શોધી કાઢયા છે. ચંડોળામાં બે પાર્ટમાં મેગા ડિમોલિશન કરીને ચારેક લાખ ચો.મીટરમાં કરાયેલ દબાણો દૂર કરી હજારો ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યા છે. ઘૂસણખોરોને આશરો અને કામધંધો આપનાર લલ્લા બિહારી અને તેના દિકરાની ધરપકડ કરવામાં આવી છે. તેણે રાખેલી ખાસ ટીમ બાંગ્લાદેશથી ઘૂસણખોરોને ડોક્યુમેન્ટ તૈયાર કરી આપસ પાસપોર્ટ પણ ઈશ્યુ કરાવી દેતા હતા. ક્રાઈમ બ્રાન્ચે હાલ સાડા પાંચસો પાસપોર્ટની તપાસ શરૂ કરી છે. ઘણા પાસપોર્ટ બોગસ ડોક્યુમેન્ટને આધારે નીકળ્યા હોવાની વિગતો ખુલી છે. આ પ્રકરણમાં પોલીસ ગંભીરતાથી તપાસ કરે તો ચોક્કસ ઘણી ચોંકાવનારી વિગતો ખુલે તેવી સંભાવના છે. પોલીસે બેએજન્ટ અને એક મહિલાને ઝડપી લીધી છે. બાંગ્લાદેશી મહિલા બોગસ ડોક્યુમેન્ટને આધારે પાસપોર્ટ કઢાવી વિદેશ પણ જઈ આવી હતી.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)
ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો. અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)
નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## પ્રોપર્ટી કાર્ડ ૭/૧૨ની જેમ મળે તો અરજદારોને રાહત મળે

# પ્રોપર્ટી કાર્ડની અરજી માટે જરૂરી ૩ રૂપિયાની ટિકિટ ન મળતાં મુશ્કેલી

અમદાવાદ : પ્રોપર્ટી કાર્ડ લેવા માટે અરજી કરનારા લોકોએ ફોર્મ ભર્યા બાદ તેના પર ૩ રૂપિયાની ટિકિટ લગાવવી પડે છે. ત્યારબાદ ૨૦ રૂપિયા બારી ઉપર ભરવા પડે છે. જો કે, ૭/૧૨ નીકળે છે તેમાં બારી પરથી જ સીધું તેઓને ૭/૧૨ની નકલ મળી જતી હોય છે. આ રીતે જ પ્રોપર્ટી કાર્ડમાં પણ અરજીની પ્રક્રિયાને રદ કરી સીધા બારી ઉપરથી પ્રોપર્ટી કાર્ડ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ અને લોકોને ૩ રૂપિયાની ટિકિટ પણ અમુક વાર મળતી નથી જેથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. જો કે, આ અંગ ધારાસભ્યે કલેકટર કચેરીનો પત્ર પણ લખ્યો હતો. ઉપરાંત પ્રોપર્ટી કાર્ડમાં બે વર્ષ પછી જો કોઈ વ્યક્તિ સુધારો કરાવવા માંગે ત્યારે તેઓને સિટી ડેપ્યુટી કલેકટરની કચેરીમાં કેસ ચાલ્યા બાદ આ નિર્ણય લેવામાં આવતો હોય છે. જેના કારણે પ્રોપર્ટીકાર્ડમાં ઘણી વખત મુશ્કેલી સર્જાતી હોય છે. જેથી પ્રોપર્ટી કાર્ડનું અમલીકરણ તો કરી દેવાયું પરંતુ તેમાં રહેલી ખામીઓ કે મુશ્કેલીઓ અંગે સરકાર દ્વારા ખાસ કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જેથી રોજના ૧૦૦થી વધુ પ્રોપર્ટી કાર્ડ બનાવવા અરજી આવતી હોય છે. નાયબ નિયામક જમીન દફતર દ્વારા જવાબ અપાયો છે કે સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી ખાતેથી ૨૦૦૩માં થયેલ પરિપત્ર મુજબ ૩ રૂપિયાની ટિકિટ લગાવવાની જોગવાઈ કરવામાં આવી છે જેમાં પ્રોપર્ટી કાર્ડની ફી તથા અરજી રદ કરી સીધા બારી પરથી પ્રોપર્ટી કાર્ડ મળી જાય તે બાબતે સેટલમેન્ટ કમિશનર ગાંધીનગર ખાતે રજૂઆત કરવામાં આવી છે. સેટલમેન્ટ કમિશનર દ્વારા આ મુદ્દે જે પ્રકારની સૂચનાઓ અપાશે તે રીતે આગળની કાર્યવાહી કરાશે. વધુમાં અધિકારીએ જણાવ્યું કે વહીવટી વિષયમાં ફેરફાર કરવાની તમામ સત્તા સેટલમેન્ટ કમિશનરના તાબા હેઠળ આવતી હોવાથી આ મુદ્દે જિલ્લા સ્તરથી કોઈપણ પ્રકારની કામગીરી થઈ શકશે નહીં. જો કે, આ મુદ્દે જલ્દીથી કોઈ ઉકેલ આવે અને લોકોની સમસ્યામાં ઘટાડો થાય તે પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે.

## કોર્ટે કહ્યું- દુર્જનને દંડ નહીં આપી શકતા કાયદાનું..!

# વાડજના યુવકની હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

અમદાવાદ : અમદાવાદનાં વાડજ વિસ્તારમાં વર્ષ ૨૦૨૧ માં ઉછીના ૧૦ હજાર રૂપિયા પરત નહીં કરવા બાબતે યુવકની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં આરોપી દોષી સાબિત થતાં સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ વિષહીન સાપનું ઉદાહરણ આપીને સેશન્સ કોર્ટે ચુકાદામાં ટાંક્યું કે, જેમ વિષહીન સાપનો ઉપયોગ ગળામાં ભરાવીને સેલ્ફી લેવા થાય તેમ દુર્જનને દંડ નહીં આપી શકતા કાયદાનું સન્માન કોણ કરશે? આમ અરાજકતા ફેલાવનારા સામે સરકાર બાદ કોર્ટનું પણ કડક વલણ સામે આવ્યું છે.

મીડિયા રિપોર્ટ મુજબ, શહેરના વાડજ વિસ્તારમાં આરોપી વર્ષ ૨૦૨૧ માં ઉછીના ૧૦ હજાર રૂપિયા પરત લેવા મૃતકના ઘરે પહોંચ્યો હતો અને તેની પાસેથી ૧૦ હજાર રૂપિયા લેવાના છે તેમ બૂમો પાડીને ગાળા ગાળી કરવા લાગ્યો હતો. મૃતક પ્રશાંત બહાર આવતા આરોપી તેને પકડીને સુભાષ નગર ખાતે લઈ ગયો હતો. આ સમયે પ્રશાંતના ભાઈ અને તેનો મિત્ર પણ તેની પાછળ ગયા હતા.

સુભાષ નગર પાસે આરોપી પ્રશાંતને ધમકાવી રહ્યો હતો. ત્યારે તેના ભાઈએ અને મિત્રએ તેને છોડવાનું કહેતા આરોપી પ્રશાંતને પોતાની પાસે રહેલો છરો મારીને પલાયન થઈ ગયો હતો. જેથી ફરિયાદી એવો મૃતકનો ભાઈ અને તેનો મિત્રે પ્રશાંતને ૧૦૮ બોલાવીને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાવ્યો હતો, પરંતુ કિડની અને આંતરડામાં ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

આ કેસમાં હવે સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો છે. તમામ પુરાવા અને સાક્ષીઓનાં આધારે આરોપી વિજય ભીલ દોષી સાબિત થતા કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. આ સમગ્ર કેસમાં ૨૨ જેટલા સાહેદોને તપાસવામાં આવ્યા હતા.

સેશન્સ કોર્ટે પોતાનાં ચુકાદામાં વિષહીન સાપનું ઉદાહરણ આપીને ટાંક્યું કે, 'જેમ દાંત વગરનાં અને વિષ વગરનાં કોબ્રાનું કોઈપણ સન્માન કરતું નથી અને તેને ગળામાં ભરાવી સેલ્ફી લેવામાં ઉપયોગ કરે છે, તેમ જો કાયદો શૌર્યહીન હશે અને દુર્જનને દંડ નહીં આપે તો વિધિવિધાનનું સન્માન કોણ કરશે ? સેશન્સ કોર્ટે કહ્યું કે, દોષિતોને સમયસર દંડ મળશે તો જ અરાજકતા ઘટશે.

# સરસપુરમાં ભગવાન જગન્નાથના આગમનને આવકારવા માટે શરૂ થઈ ભવ્ય તૈયારીઓ



અમદાવાદ : ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા પહેલા પરંપરાગત રીતે ભગવાન પોતાના મોસાળ પધારે છે, જેને લઈ સમગ્ર સરસપુરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળી રહ્યુ છે.આ વર્ષે સૌથી વિશિષ્ટ વાત એ છે કે મુખ્ય માર્ગ થી લઈને મંદિર સુધીના માર્ગ પર ૨ પ્રથમવાર ૫૦ મીટરની લાંબી કલાત્મક રંગોળી બનાવવામાં આવી છે.

મુખ્ય ચાર રસ્તા થી મંદિર સુધીના પરિસર માં રસ્તા ઉપર કલાત્મક રંગોળીઓ કરવામાં આવી છે. દરેક રંગોળીમાં પરંપરાગત અને આધુનિક્તાનું મિશ્રણ જોવા મળે છે.મંદિરના પ્રવેશદ્વાર પર લાલ કપડાનો વિશાળ ડોમ ઊભો કરવામાં આવ્યો છે.જેમાં ઝુમ્મર, ફૂલોની ડિઝાઈન અને રંગીન લાઈટિંગથી વિશેષ શણગાર થયો છે. સમગ્ર માર્ગ અને મંદિર પરિસર રંગીન રોશની ઝગારા મારી રહ્યો છે.

આ વર્ષે રણછોડરાયજી મંદિરમાં પ્રથમવાર ભગવાન જગન્નાથને ૫૬ પ્રકારના ભોગ ધરાવવામાં આવશે. વિવિધ મીઠાઈઓ, ફળો અને પારંપરિક વાનગીઓ સાથે તૈયાર કરાયેલા આ ભોગને લઈને ભક્તોમાં ખાસ ઉત્સાહ છે.

મોસાળના મંદિર પરિસરમાં ૧૧ જૂનથી ૨૬ જૂન સુધી વિવિધ ભજન મંડળો દ્વારા ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાશે. ભાવભીનાં ભજનો અને ધૂન સાથે ભક્તો રાત્રિના સમયે ભજનોની રમઝટ બોલાવી વ્હાલાના વધામણા કરશે.નાથની નગરચર્યામાં શોભામાં અભિવૃદ્ધિ કરતા ગજરાજને શણગારવાની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે.








NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS



Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
- Transparent deal
- Expert team
- 10+ years experience in redevelopment
- Associated with well-known & experienced developers
- Good knowledge about legality & land revenue

Other service :
- Land
- Jv Project
- Property

nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in: RERA
For any query & inquiry
+91 9601772777

## નિયમ મુજબ અને તબક્કાવાર માહિતી

# અમદાવાદમાં ખાનગી સોસાયટીનું રીડેવલપમેન્ટ કેવી રીતે કરવું ??

અમદાવાદ : અમદાવાદમાં ખાનગી સોસાયટીનું રીડેવલપમેન્ટ કરવું એ એક જટિલ પ્રક્રિયા છે, જેમાં કાયદેસરના નિયમો, સોસાયટીના સભ્યોની સંમતિ, અને વિવિધ સરકારી પરવાનગીઓનું પાલન કરવું જરૂરી છે. ગુજરાત સરકારના નિયમો, ખાસ કરીને ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૬૧ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) તેમજ ગુજરાત ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ (GDCR)ના નિયમોનું પાલન કરવું પડે છે. નીચે તબક્કાવાર માહિતી આપેલ છે:

### તબક્કો ૧: પ્રારંભિક તૈયારી અને સભ્યોની સંમતિ

સોસાયટીની સામાન્ય સભા (General Body Meeting):
સોસાયટીના તમામ સભ્યોની સામાન્ય સભા બોલાવો અને રીડેવલપમેન્ટનો નિર્ણય લો.
ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૬૧ મુજબ, રીડેવલપમેન્ટ માટે ઓછામાં ઓછા ૭૫% સભ્યોની લેખિત સંમતિ જરૂરી છે.
સભામાં રીડેવલપમેન્ટના ફાયદા, ખર્ચ, અને સંભવિત ડેવલપરની ચર્ચા કરો.
રીડેવલપમેન્ટ કમિટીની રચના: રીડેવલપમેન્ટ પ્રક્રિયાને સરળ બનાવવા માટે સોસાયટીના સભ્યોમાંથી એક રીડેવલપમેન્ટ કમિટી બનાવો.
આ કમિટી ડેવલપરની પસંદગી, કાનૂની બાબતો, અને પ્રોજેક્ટની દેખરેખનું કામ કરશે.
ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરો: એક આર્કિટેક્ટ અથવા ટેકનિકલ એક્સપર્ટ દ્વારા બિલ્ડિંગની હાલની સ્થિતિ, રીડેવલપમેન્ટની શક્યતા, અને ખર્ચનો અંદાજ મેળવો.
આ રિપોર્ટમાં બિલ્ડિંગની ઉંમર, માળખાગત સલામતી, અને નવી ડિઝાઈનની શક્યતાઓનો સમાવેશ થવો જોઈએ.

### તબક્કો ૨: ડેવલપરની પસંદગી

**ટેન્ડર પ્રક્રિયા:**
રીડેવલપમેન્ટ માટે ડેવલપરો પાસેથી ટેન્ડર મંગાવો. આ માટે સ્થાનિક અખબારોમાં જાહેરાત આપી શકાય છે.
ડેવલપરની પસંદગી કરતા પહેલા તેમની નાણાકીય ક્ષમતા, અગાઉના પ્રોજેક્ટ્સ, અને વિશ્વસનીયતા ચકાસો.
ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ:
પસંદ કરેલા ડેવલપર સાથે વિગતવાર ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ (Development Agreement) તૈયાર કરો.
આ એગ્રીમેન્ટમાં નીચેની બાબતો સ્પષ્ટ હોવી જોઈએ:
સભ્યોને મળનાર નવા ફ્લેટનું કદ અને સુવિધાઓ.
વૈકલ્પિક રહેઠાણ (Alternate Accommodation) અથવા ભાડાની વ્યવસ્થા.
પ્રોજેક્ટ પૂર્ણ થવાનો સમયગાળો.
ડેવલપર દ્વારા આપવામાં આવનાર નાણાકીય લાભ (જેમ કે કોર્પસ ફંડ).
કાનૂની સલાહ:
એગ્રીમેન્ટની ચકાસણી માટે એક વકીલની સલાહ લો, જેથી સોસાયટીના હિતોનું રક્ષણ થાય.

### તબક્કો ૩: કાયદેસર પરવાનગીઓ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પરવાનગી:
રીડેવલપમેન્ટ માટે AMC પાસેથી બિલ્ડિંગ પ્લાનની મંજૂરી લેવી જરૂરી છે.
ગુજરાત ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ (GDContracts)ના નિયમોનું પાલન કરવું પડશે, જેમાં ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI), બિલ્ડિંગની ઊંચાઈ, પાર્કિંગ, અને ઓપન સ્પેસના નિયમોનો સમાવેશ થાય છે.
નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC):
સોસાયટીની જમીનની માલિકી સાબિત કરવા માટે રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ પાસેથી ઁઝ લેવું.
જો જમીન લીઝ પર હોય, તો લીઝ ધારક (જેમ કે AUDA અથવા AMC)ની મંજૂરી જરૂરી છે.
અન્ય પરવાનગીઓ:
ફાયર સેફ્ટી NOC, ઈલેક્ટ્રિકલ અને લિફ્ટ સેફ્ટી સર્ટિફિકેટ, અને પર્યાવરણીય મંજૂરી (જો જરૂરી હોય) લેવી.
જો બિલ્ડિંગ હેરિટેજ સ્ટ્રક્ચર હોય, તો હેરિટેજ કમિટીની મંજૂરી જરૂરી હોઈ શકે છે.

### તબક્કો ૪: પ્રોજેક્ટનો અમલ

**સભ્યોનું સ્થળાંતર:**
રીડેવલપમેન્ટ શરૂ થાય તે પહેલા, સભ્યોને વૈકલ્પિક રહેઠાણ અથવા ભાડાની રકમ આપવામાં આવે.
આ વ્યવસ્થા ડેવલપમેન્ટ એગ્રીમેન્ટમાં સ્પષ્ટ હોવી જોઈએ.
બાંધકામની શરૂઆત:
ડેવલપર દ્વારા AMCના મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ શરૂ કરવામાં આવે.
રીડેવલપમેન્ટ કમિટી અને આર્કિટેક્ટ દ્વારા બાંધકામની ગુણવત્તા અને પ્રગતિનું નિરીક્ષણ કરવું.
નિયમિત દેખરેખ:
રીડેવલપમેન્ટ કમિટીએ નિયમિત રીતે ડેવલપર સાથે બેઠકો કરી, પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરવી.
જો વિલંબ થાય અથવા નિયમોનું ઉલ્લંઘન થાય, તો કાનૂની પગલાં લેવા.

### તબક્કો ૫: પ્રોજેક્ટની પૂર્ણાહુતિ

**ઓક્યુપેશન સર્ટિફિકેટ (OC):**
બાંધકામ પૂર્ણ થયા બાદ, AMC પાસેથી ઓક્યુપેશન સર્ટિફિકેટ મેળવવું.
આ સર્ટિફિકેટ બિલ્ડિંગની સલામતી અને નિયમોનું પાલન દર્શાવે છે.
સભ્યોને ફ્લેટનું હસ્તાંતરણ:
ડેવલપરે એગ્રીમેન્ટ મુજબ સભ્યોને નવા ફ્લેટનું હસ્તાંતરણ કરવું.
ફ્લેટની ગુણવત્તા, સુવિધાઓ, અને વચનોનું પાલન થયું છે કે કેમ તે ચકાસો.
સોસાયટીનું રજિસ્ટ્રેશન અપડેટ:
નવી બિલ્ડિંગના નવા ફ્લેટ્સની વિગતો સોસાયટીના રેકોર્ડમાં અપડેટ કરો.
રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝને નવી વિગતો જણાવો.

### મહત્વના નિયમો અને ધ્યાનમાં રાખવાની બાબતો

ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૬૧: આ એક્ટ હેઠળ સોસાયટીના નિર્ણયો, સભ્યોની સંમતિ, અને ડેવલપર સાથેના કરારની નિયમનીતિ નક્કી થાય છે.
GDCR નિયમો: AMCના નિયમો મુજબ બાંધકામની ઊંચાઈ, FSI, અને અન્ય ટેકનિકલ બાબતોનું પાલન કરવું.
RERA (રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી): ડેવલપરે RERA હેઠળ પ્રોજેક્ટ રજિસ્ટર કરાવવો જરૂરી છે. આનાથી સોસાયટીના હિતોનું રક્ષણ થાય છે.
કાનૂની ચકાસણી: જમીનના દસ્તાવેજો, ટાઈટલ ક્લિયરન્સ, અને અન્ય કાનૂની બાબતોની ચકાસણી કરો.
ટેક્સ અને નાણાકીય બાબતો: રીડેવલપમેન્ટથી થતી આવક (જેમ કે નવા ફ્લેટનું વેચાણ) પર GST અને ઈન્કમટેક્સની જવાબદારીઓ ચકાસો.
ઉદાહરણ અને સલાહ
અમદાવાદમાં ઘણી સોસાયટીઓ, જેમ કે નવરંગપુરા અને સેટેલાઈટ વિસ્તારમાં, રીડેવલપમેન્ટ કરી ચૂકી છે. આ સોસાયટીઓના અનુભવોનો અભ્યાસ કરો.
ડેવલપર સાથે કરાર કરતા પહેલા, તેમના અગાઉના પ્રોજેક્ટ્સની મુલાકાત લો અને સભ્યોની ફરિયાદોની ચકાસણી કરો.
પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (PMC) ની નિમણૂક કરવી ઉપયોગી થઈ શકે છે, જે ટેકનિકલ અને કાનૂની બાબતોમાં મદદ કરે.
ઉપરોક્ત માહિતી જાણકરો, એઆઈ દ્વારા મેળવેલ છે.
આ પ્રક્રિયા લાંબી અને જટિલ હોઈ શકે છે, પરંતુ યોગ્ય આયોજન અને કાનૂની સલાહથી સફળ રીડેવલપમેન્ટ શક્ય છે. વધુ માહિતી માટે AMCની વેબસાઈટ (https://ahmedabadcity.gov.in) અથવા RERA ગુજરાતની વેબસાઈટ (hhttps://gujrera.gujarat.gov.in/)ની મુલાકાત લઈ શકો છો.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## હાઉસિંગ રીડેવલપમેન્ટમાં અમલીકરણ બાબતે

# ગુજરાત હાઉસિંગ બોર્ડની ઉદાસીનતા કે નઘરોળતા...??

અમદાવાદ : રાજ્ય સરકાર સામાન્ય વ્યક્તિઓ તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના લોકસમુદાયના હિતો અને તેઓની સલામતીને ધ્યાને રાખી તેના પગલે "રીડેવલપમેન્ટ પોલિસી" બહાર પાડેલ છે. પરંતુ અમલદારી સિસ્ટમમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતોમાં આ રીડેવલોપમેન્ટ પોલિસી આજે સમસ્યા અને શિરદર્દ સમાન થઈ રહી છે.

રીડેવલપમેન્ટ કાયદો ૧૦૦% માટે છે પણ સંમતિ ૭૫% ની લઈ આ કાયદાને પ્રક્રિયાકીય રૂપ આપી શકાય છે, પણ આની પાછળ ૨૫% અસહમત સભ્યોની લાલચ કે પોતાનો અંગત સ્વાર્થ કારણભૂત બને છે અને કાયદાની છટકબારી થકી આ ૨૫% સુધીના અસંમત સભ્યો તેનો ખોટી રીતે લાભ ઉઠાવે છે અને બાકીના ૭૫% સંમત સભ્યોનું ભવિષ્ય ખોરંભાય છે.

બીજી તરફ રીડેવલોપમેન્ટ પોલિસીનો ભાગ અને અમલ કરાવવાનો છે તેવા સરકારી તંત્ર ગુજરાત હાઉસિંગ બોર્ડના કેટલાંક કર્મચારીગણની કાર્યદક્ષતામાં ઉદાસીનતા અને જવાબદારીપૂર્ણ કાર્યપધ્ધતિમાં નઘરોળતા તેમજ તેમના સ્વાર્થપણાના પરિણામે આજે ૭૫% કે તેથી વધારે સંમત સભ્યોની સમસ્યાઓ અને નુકશાનમાં દિવસેને દિવસે વધારો થઈ રહયો છે. ૭૫% - ૨૫% ની આ સ્કીમ આજે અંગત સ્વાર્થ, લાલચ અને સરકારી કર્મચારીઓની કાર્યપધ્ધતિની ઉદાસીનતાના પરિણામે ૨૫% લોકોનો ફાયદો અને તેઓનું મનસ્વીપણું ચાલી રહયું છે. તેમજ તંત્રના અધિકારીઓ કોર્ટના નામે કામચોરી કરી રહ્યા છે. વર્ષોથી પાડોશી અને સાથીની જેમ સાથે રહેતાં અને સુખ દુઃખનો એક ભાગ બની સાથે જીવન વ્યતિત કરતાં લોકો પણ આજે પોતાનાં અંગત સ્વાર્થ અને અહમ્‌ને લઈ ૭૫% સભ્યોની સલામતી અને આર્થિક નુકશાનને ભોગ બનાવી રહ્યાં છે. સુખી સંપન લોકો પોતાનાં અંગત સ્વાર્થને લીધે અન્ય રહીશોને લોભામણી લાલચો અને હથેળીમાં ચાંદ દેખાડવાની ખોટી દાનત સાથે પોતાની તરફ વિરોધનો ભાગ બનાવે છે.

આ ઉપરાંત જનસેવકની ભૂમિકામાં રહેલાં ચુંટાયેલ જનપ્રતિનિધિઓ હાઉસિંગ રીડેવલપમેન્ટને લઈને જનપ્રતિનિધિઓ મટી ફક્ત સરકારના પ્રતિનિધી તરીકે વર્તતા હોય તેવું જણાય છે.ચુંટાયેલ જનપ્રતિનિધિઓ આજે જનતાનાં પ્રશ્નો કે સમસ્યાઓ માટે જાણે કે તેમને સમય જ નથી કે.... અંગત રસ પણ નથી....કે આ બાબત પ્રાથમિકતા નથી...!!

જનતા હવે માત્ર દેખાડો કરવામાં કે ભીડભેગી કરવાં કે સભામાં સંખ્યાઓ બતાવવા માટેનું એક માત્ર માધ્યમ બની રહયું છે..તેમ આજ ની પરિસ્થિતિને જોતાં લાગી રહયું છે.

સરકારશ્રી જનતાને તેઓની જીવનશૈલી બદલવા અને જનજીવનને સરળ બનાવવાના હેતુથી અનેક પ્રજાલક્ષી લાભો અને યોજનાઓ બહાર પાડે છે. પરંતુ ક્યારેક સરકારી કર્મચારી કે જનપ્રતિનિધિઓની ઉદાસીનતાને પરિણામે આ લાભ લોકો સુધી કે સમક્ષ પહોચતાં સમય લાગે છે અને ક્યારેક તો મળતા પણ નથી.

જનતા જનાર્દન ખોબે ખોબે બહુમતિ સાથે અને પૂરા વિશ્વાસથી વર્તમાન સરકારની અને જન પ્રતિનિધિઓની મતદાન કરી વરણી કરે છે...પરંતુ આજે તેજ જનતા લાચારીની પરિસ્થિતિ સાથે કૌટુંબિક અને આર્થિક નુકશાનનો ભોગ બની રહી છે, પણ જનતાની આ દયનીય પરિસ્થિતિ જનસેવકોના ધ્યાને શું આવતી નહીં હોય!. કદાચ તેમની પ્રાથમિકતા પ્રજા નહીં પણ શું તંત્રના અધિકારીઓ હશે!

પ્રજાને સુવિધા અને સુરક્ષા અપાવવાની જવાબદારી સરકારની છે, પણ તે માટેના જવાબદાર તંત્રના અધિકારીઓ તેમજ સ્થાનિક જનપ્રતિનિધિઓની પ્રબળ ઈચ્છાશક્તિ અને નિષ્ઠા હોય તો જ શક્ય બને છે.

આજે એક ખેડૂત બી રોપણી કર્યા બાદ આકાશ તરફ હાથ જોડી ઈશ્વર પાસે વરસાદની આજીજી કરે છે. બસ તેવી જ રીતે જનતા પોતાની સમસ્યાઓ માટે સરકાર અને પ્રશાસન તરફ આશાભરી નજરે જોઈ રહી છે.

આ પ્રશ્ન કોઈ એક સોસાયટી કે વિસ્તારનો નથી, આ પ્રશ્ન સમગ્ર ગુજરાતમાં રહેલી હાઉસિંગ કોલોનીઓનો છે પછી તે પબ્લિક હોય કે પ્રાઈવેટ.

આ સંદેશ કોઈના પર દોષારોપણ માટે નથી માટે કોઈ ગેરસમજ ઉભી ના થાય, પણ રહીશોની માનસિક, આર્થિક અને અંતઃકરણની વેદના છે જે એક સમય બાદ હવે શબ્દોમાં વ્યક્ત થઈ રહી છે અને સહુના સહકારની અપેક્ષા કરી રહી છે.

જેને પણ આ વિચારો રજૂ કર્યા છે તે ખરેખર હિંમત અને આદર્શ ને પાત્ર છે, સમાજ સુધારણા ત્યારે જ શક્ય બનશે જ્યારે આવા હિંમતવાળા અને ઉમદા વિચારોવાળા નાગરિકો લોકવાચા બનશે, સકારાત્મક પરિવર્તન ત્યારે જ આવશે અને પ્રજાની સુખાકારી ત્યારે જ વધશે.

-પીડિત જાગૃત હાઉસિંગ નાગરિક...

# અમદાવાદમાં ખાનગી સોસાયટીના રીડેવલપમેન્ટ : ૪ મહિનામાં ૮૦ સોદા પર હસ્તાક્ષર કર્યા

અમદાવાદ : 'રીડેવલપમેન્ટ' એ આજના શહેરીકરણના વિકાસનું પાયાનું પરિબળ બનતું જાય છે. આજે રીડેવલપમેન્ટ બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં પગરવ માંડી રહ્યું છે ત્યારે છેલ્લા પાંચ મહિનામાં લગભગ ૮૦ થી ૯૦ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ શહેરમાં પૂર્ણ થયેલ છે તથા આવનાર સમયમાં લગભગ ૬૦૦ પ્રોજેક્ટ પ્રોસેસમાં હોવાનું જાણકારો કહી રહ્યા છે.

ભવિષ્યમાં વધનારા જંત્રીના દર બિલ્ડરને તો હાલના જર્જરીત બાંધકામ સોસાયટીને રીડેવલપમેન્ટ તરફ વધુ તીવ્રતા સાથે દોરી જાય છે..તદઉપરાંત રહીશોને વ્યક્તિગત પાર્કિંગ અને અન્ય સુવિધાઓ તો આકર્ષી જ રહી છે પરંતુ પોતાની પ્રોપર્ટીના ભાવ બમણા થઈ જવાની સુવાણી લાગણી દરેક પ્રોપર્ટી ઓનર માટે હકારાત્મક અભિગમ કેળવવા પીઠબળ પૂરું પાડે છે.વધુમાં હાઈકોર્ટના ૭૫% રહીશોની સહમતીથી રીડેવલોપમેન્ટ કરી શકાશે એવા નિર્ણયને લીધે ઘોંચમાં પડેલા પ્રોજેક્ટ પણ ફટાફટ કાયદાકીય અવરોધો ઓળંગીને પાર પડી રહ્યા છે.

રીડેવવલપમેન્ટ એ એવી યોજના છે જ્યાં બિલ્ડર અને સોસાયટી બંને કંઈકને કંઈક પામીને જાય છે.સમગ્ર યોજના દરમિયાન બંને બાજુથી સંબંધો પણ ખૂબ જ સારા આકાર પામે છે.. બિલ્ડર નવી જમીન લઈને સ્કીમનું બાંધકામ કરે તેના કરતાં રીડેવલપમેન્ટમાં સરળતાથી તેની સમય અને શક્તિનો બચાવ થાય છે."અર્બન રીડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલ્ફેર એસોસિએશન" ના અધ્યક્ષ જીતેન્દ્ર શાહના કહેવા મુજબ અત્યાર સુધીમાં લગભગ ૧૫૦ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ અમદાવાદ શહેરમાં પૂર્ણ કરવામાં આવ્યા છે અને આ વર્ષે ૭૫ થી ૮૦ બીજા નવા પ્રોજેક્ટ ફાઈનલ થઇ જશે. લોકોને રીડેવલપમેન્ટમાં એટલે પણ રસ પડ્યો છે કેમ કે આ યોજના મોટાભાગે દરેક જગ્યાએ સફળતાપૂર્વક પાર પડી રહી છે.

હાઉસિંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશનના સભ્ય સંદિપ ત્રિવેદી જણાવે છે કે ગુજરાત રાજ્યમાં રીડેવલપમેન્ટ પોલિસી ૨૦૧૬ લગભગ ૮ વર્ષ બાદ હવે કંઈક અંશે સફળતા તરફ આગળ વધી રહી છે. જેમાં પબ્લિક અને પ્રાઈવેટ બંને પ્રકારની યોજનાઓ છે. પ્રાઈવેટ માં કામ દેખાય છે જ્યારે પબ્લિક સેક્ટર યોજનાઓમાં ફક્ત નામના ટેન્ડર પાડવાની અને ક્રેડિટ લેવાની ફક્ત હોડ છે વાસ્તવિક રીતે સોસાયટીઓના પુનઃનિર્માણ બાંધકામ ખૂબ ઢીલું છે. અધિકારીઓ એસી ઓફિસમાં બેસી સારી સારી વાતો જ કરે છે, પ્રજાની વેદના ને સમજતા નથી, મજબૂત મકાન થકી મકાનોની સલામતી અને બાંધકામ ગુણવતા વગેરે જોવાની જવાબદારી હોવા છતાં અમલદારી રાજ ચલાવે છે અને જે સોસાયટીઓમાં બાંધકામ થાય છે કે ૪ કે ૫ માળ બની જાય છે તો પણ ત્યાં ગુ.હા.બોર્ડના અધિકારીઓ સ્થળ તપાસ કે ઈન્સ્પેકશન કરવા જતા નથી. ટેન્ડર પાડવું અને વાસ્તવિક બાંધકામ થવું તેમાં બહુ મોટો ફરક છે, તંત્રના અધિકારીઓ બધી જવાબદારી ડેવલપર અને એસોસિએશન પર ઢોળી જવાબદારીમાંથી છટકી જવા ના કારસા રચી લાલિયાવાડી ચલાવી રહ્યા હોય તેવું લાગે છે.

રીયલ એસ્ટેટ સલાહકારના માનવા મુજબ મકાનોની અવિરત ડિમાન્ડ અને પ્રોપર્ટીની બેફામ વધતી કિંમતોને લીધે રીડેવલપમેન્ટ એ બિલ્ડર અને ખરીદનાર બંને માટે એક ઉત્તમ વિકલ્પ ઊભરીને આવ્યો છે.. જ્યારે ઘરના માલિકને પોતાના જ ઘરમાં નવું, સુવિધાયુક્ત અને મોટું બાંધકામ મળતું હોય તો નવી જગ્યાએ શા માટે તે જાય? એ પણ વિચારવા જેવી બાબત છે..

આપણી શેરી, શહેર, નગર અને દેશના વિકાસ સાથે આપણો પોતાનો વ્યક્તિગત લાભ પણ સધાતો હોય તો રીડેવલપમેન્ટ એ ખૂબ જ આકર્ષક યોજના છે તેમ કહેવું યથાર્થ છે...

# પ્રગતિનગર હાઉસિંગ સોસાયટીના છ વર્ષ પહેલા તૂટી ગયેલા મકાનો બાબતે કોંગ્રેસની રજૂઆત

નડિયાદ : નડિયાદમાં આવેલ પ્રગતિનગર હાઉસિંગ સોસાયટીના અમુક મકાનો છ વર્ષ પહેલા પડી ગયા હતા તે વખતે સરકારે તમામ મકાનો ખાલી કરાવ્યા હતા અને ટૂંક સમયમાં જ અહીના લોકોને મકાનો મળશે તેવું વચન આપ્યું હતું પરંતુ ૬ વર્ષ થયા છતાં પણ હજુ સુધી આ લોકોને મકાન મળ્યા નથી જેથી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખે આ બાબતે પ્રદેશ કોંગ્રેસ મારફતે રજૂઆત કરાવી છે જેના પગલે ખૂબ સમયમાં કામ ચાલુ થાય તેવી શક્યતા કહેવાય છે. નડિયાદ શહેર (જિલ્લા) કોંગ્રેસ સમિતિના પ્રમુખ હાર્દિક ભટ્ટે મીડિયા ને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૭૦ના દાયકામાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નડિયાદ શહેરમાં કપડવંજ રોડ પર આવેલ પ્રગતિનગરમાં ઓછી આવક ધરાવતા ૯૦૦ જેટલા ગરીબ પરિવારો માટે એલ. આઈ. જી. સ્કીમ હેઠળ ત્રણ માળીયા મકાનો બનાવ્યા હતા. ચાલીસથી પચાસ વર્ષ જુના મકાનનો કેટલોક જર્જરિત ભાગ આજથી અંદાજે છ વર્ષ પહેલા તા. ૯ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ ચોમાસાની સિઝનમાં એકાએક તૂટી પડતાં બહુ મોટી દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં એક માસુમ બાળકી સહિત ચાર વ્યક્તિના કરુણ મોત નિપજ્યા હતા. જે તે સમયે તેના ખૂબ જ ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. રાજ્ય સરકારે અસરગ્રસ્ત લોકોના રોષને શાંત પાડવા તાબડતોબ બાંધકામ એન્જીનીયરોનો અભિપ્રાય મેળવી ચાલીસથી પચાસ વર્ષ જુના આ ત્રણ માળીયા મકાનો અત્યંત જર્જરિત – ભયજનક અને રહેવાલાયક સ્થિતિમાં રહ્યા ના હોઈ પ્રગતિનગર હાઉસિંગ બોર્ડના મકાનોમાં વસવાટ કરતાં તમામ ગરીબ પરિવારોને તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડવા બળજબરીપૂર્વક રાતોરાત મકાનો ખાલી કરાવ્ય હતા અને બેઘર થયેલા તમામ અસરગ્રસ્ત પરિવારોને પુનર્વસવાટ માટે ઝડપથી નવા મકાન બનાવી આપવાનુ આસ્વાસન આપ્યું હતું. તેથી પ્રગતિનગર હાઉસિંગ બોર્ડના મકાનોમાં વસવાટ કરતાં તમામ ગરીબ પરિવારોએ રાજ્ય સરકાર ઉપર ભરોસો રાખીને મને-કમને મકાનો ખાલી કરી આપ્યા હતા. પરંતુ રાજ્ય સરકારે પ્રગતિનગર હાઉસિંગ બોર્ડના મકાનોમાં વસવાટ કરતાં ગરીબ પરિવારોને નવા મકાન બનાવી આપવાનું આસ્વાસન આપ્યાને અંદાજે છ વર્ષ પૂરા થવા આવ્યા છે છતાં રાજ્ય સરકારે આજદિન સુધી પ્રગતિનગર હાઉસિંગ બોર્ડના અસરગ્રસ્ત ગરીબ પરિવારોના પુનર્વસવાટ માટે નવા મકાન બનાવવા અંગે કોઈ ઠોસ પ્રક્રિયા હાથ ધરેલ હોય તેમ અસરગ્રસ્ત પરિવારોને જણાતું ન હતું. તેથી અસરગ્રસ્ત તમામ પરિવારોનો રાજ્ય સરકાર ઉપરથી ભરોસો ઉઠી ગયો હતો અને આવી કારમી મોંઘવારીમાં રાજ્ય સરકારના ભરોસે ઘરનું ઘર ગુમાવ્યાનો અને રાજ્ય સરકારે વિસ્વાસઘાત કર્યો હોવાનો એહસાસ વ્યક્ત કરતા આવા લોકોએ નડિયાદ શહેર કોંગ્રેસનો સંપર્ક કર્યો હતો જેથી અમોએ પ્રદેશ કોંગ્રેસ મારફતે ગુજરાત હાઉસિંગ બોર્ડના કમિશનર અને મુખ્યમંત્રી સુધી અસરકારક રજૂઆતો કરી છેતેના પરિણામ સ્વરૂપે રીડેવલોપમેન્ટ પોલિસી – ૨૦૧૬ હેઠળ પ્રગતિનગર હાઉસિંગ બોર્ડના મકાનોના રીડેવલોપમેન્ટ માટેના બારમાં પ્રયત્નના ટેન્ડર હેઠળ ગુજરાત હાઉસિંગ બોર્ડની દરખાસ્તને સ્ટેટ લેવલ સ્ક્રીનીગ કમિટી દ્વારા ૩૦૦ + ૬૦૦ = ૯૦૦ એલ. આઈ. જી. પ્રગતિનગર – પુનેશ્વર – નડિયાદ રીડેવલોપમેન્ટ યોજનાના નેગેટિવ પ્રીમિયમ રકમ તાબ્દીલપત્ર વિકાસના હક્કોના બદલે નાના સ્વરૂપે ચૂકવવા અંગેની બાબતને રાજ્ય સરકારની મંજૂરી મળેથી તથા રાજ્ય સરકારના નિયમ મુજબ પ્રગતિનગર – પુનેશ્વર રીડેવલોપમેન્ટ પ્રોજેક્ટની ટેકનિકલ ચકાસણીને આધીન રહીને વહીવટી મંજૂરી આપવ છે જેથી હવે ટૂંક સમય માં કામ ચાલુ થશે તેવું કોંગ્રેસને લાગે છે.

# USમાં ભણતાં દર ચાર વિદેશી વિદ્યાર્થીઓમાં એક ભારતીય

વોશિંગ્ટન : ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જતાં વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યામાં છેલ્લાં કેટલાંક સમયમાં નોંધપાત્ર વધારો થયો છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)- સેવિસના એક અહેવાલ મુજબ ૨૦૨૪માં અમેરિકામાં અભ્યાસ કરનારા દર ચાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી એક ભારતીય હતો. ૨૦૨૪માં અમેરિકામાં ભારતના વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૪.૨ લાખ હતી, જે ૨૦૨૩ની તુલનાએ ૧૧.૮ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. અમેરિકાના કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતનો હિસ્સો ૨૭ ટકા જેટલો છે, જ્યારે ચીનનો હિસ્સો ૨૦ ટકા જેટલો છે. વિદેશી વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ વિઝિટર્સની માહિતીનું નિયમન કરતા અમેરિકાના ગૃહ સુરક્ષા વિભાગની વેબ આધારિત સિસ્ટમ, સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિઝિટર ઈન્ફોર્મેનશન સિસ્ટમ (સેવિસ) દ્વારા જારી કરાયેલાં એક અહેવાલ અનુસાર, સેવિસના રેકોર્ડ્સ અનુસાર, ૨૦૨૪માં એફ૧ અને એમ-૧ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫.૮ લાખ નોંધાઈ હતી, જે ગત કેલેન્ડર વર્ષની તુલનાએ ૫.૩ ટકાનો વધારો સૂચવે છે. અમેરિકામાં અભ્યાસ માટે વિશ્વના ૨૨૯ જેટલાં દેશોનાવિદ્યાર્થીઓ આવે છે, જેમાં સૌથી વધુ ભારતના હોય છે તેમ તેમાં જણાવાયું છે. અમેરિકામાં અભ્યાસાર્થે આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ૭૨ ટકા સાથે એશિયનોની સંખ્યા સૌથી વધુ છે. એશિયાના આશરે ૧૧ લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરે છે. જેમાંથી આશરે ૪.૨ લાખ ભારતીય છે. ૩.૨ લાખ વિદ્યાર્થીઓ સાથે બીજા ક્રમે ચીન છે. જોકે ૨૦૨૩ની તુલનાએ ૨૦૨૪માં અમેરિકામાં અભ્યાસ માટે આવતાં ચીનના વિદ્યાર્થીઓનું પ્રમાણ ૦.૨૫ ટકા જેટલું ઘટ્યું છે. આઈસીઈના અહેવાલ અનુસાર, કેલિફોર્નિયામાં સૌથી વધુ ૨.૩૭ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. જ્યારે બીજા ક્રમે રહેલાં ન્યૂયોર્કમાં ૧.૭૨ લાખ વિદેશી વિદ્યાર્થીઓ વિવિધ ઊચ્ચ શૈક્ષણિક ડિગ્રી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી રહ્યાં છે.બોસ્ટન કોલેજના પ્રોફેસર અને ઉચ્ચ શિક્ષણના નિષ્ણાત ક્રિસ.આર. ગ્લાસના જણાવ્યાં અનુસાર, સેવિસના આંકડા અનુસાર, માર્ચ, ૨૦૨૪ના ૧૧.૫૩ લાખ સક્રિય વિદ્યાર્થીઓની તુલનાએ માર્ચ, ૨૦૨૫માં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ૧૦.૨૨ લાખ થઈ હતી.

# અમદાવાદ અસારવા સિવિલ હોસ્પિટલની ગંભીર બેદરકારી, ટીબીના દર્દીઓને રસ્તા પર તરછોડી દીધા



અમદાવાદ : શહેરમાં આવેલ અસારવા સિવિલ હોસ્પિટલનો આ બનાવ છે કે જ્યાં બે દર્દીને તરછોડી દેવામાં આવ્યા હતા. સમગ્ર મામલે સિવિલ હોસ્પિટલના તબીબો પર ગંભીર આક્ષેપો લાગ્યા છે. જેમાં બિનવારસી વ્યક્તિઓની સારવારમાં હોસ્પિટલમાં ગેરરીતિ થતી હોવાનું સામે આવ્યું છે. સારવાર ન કરવી પડે તે માટે આવા લોકોને સિવિલ હોસ્પિટલમાંથી તરછોડી દેવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો લાગ્યા છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલની બહાર બે દર્દીઓને રોડ પર બિનવારસી હાલતમાં મૂકી દેવામાં આવ્યાનો એક વાઈરલ વીડિયો સામે આવ્યો હતો. આ બે દર્દીઓને રિક્ષાચાલક દ્વારા પોતાની રિક્ષામાં સિવિલમાંથી લઈને બહાર મૂકી દેવામાં આવ્યા હતા. જોકે, દર્દીઓની આ સ્થિતિ માટે સિવિલ હોસ્પિટલના તબીબો પર આક્ષેપ કરવામાં આવ્યા છે. બંને દર્દીઓને રિક્ષામાં લઈને આવેલા રિક્ષાચાલકે વીડિયોમાં જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાંથી તબીબ આવ્યા હતા. જેમણે આ બે દર્દીઓને સિવિલ હોસ્પિટલની બહાર મૂકી આવવા માટે જણાવ્યું હતું. જેથી, હું આ બે દર્દીઓને બહાર લઈને આવ્યો છું.

આ અંગે સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, બંને દર્દીઓ હાલ સિવિલ હોસ્પિટલમાં છે. આ અંગે તપાસ કરવામાં આવી રહી છે. તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવશે.

તબીબો પર એવા ગંભીર આક્ષેપો પણ લાગ્યા છે કે, અવારનવાર સિવિલ હોસ્પિટલની બહાર આ જ રીતે બિનવારસી વ્યક્તિઓને સારવાર કર્યા વિના તરછોડી દેવામાં આવે છે. હોસ્પિટલની બહાર બિનવારસી વ્યક્તિને રિક્ષાચાલક મૂકીને જતો રહે છે તેના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેથી હાલ આ સમગ્ર મુદ્દો શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

ઉલ્લેખનીય છે કે સ્થાનિકોએ જ્યારે આ બિનવારસી વ્યક્તિઓને રસ્તા પર પડેલા જોયા ત્યારે તેઓ નવાઈ પામી ગયા હતા. લોકોએ આ મામલે પોલીસને બોલાવી અને ફરીથી તે વ્યક્તિઓને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. હોસ્પિટલની આ ગંભીર બેદરકારીને લઈને અનેક સવાલો ઉઠ્યા છે. જેના કારણે હાલ શહેરમાં આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.



# અમદાવાદના ટ્રાફિક પોલીસ સ્ટેશનોમાં નવા વિસ્તારોનો સમાવેશ કરાયો !

અમદાવાદ : ક્રાઈમ અને કાયદાની વાત આવે ત્યાં હદની વાત આવે. અમદાવાદની હદને લઈને અમદાવાદ પોલીસને ભારે અસમંજસ હતી. ત્યારે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા આ અંગે અભ્યાસ કરીને નવી હદ નક્કી કરવામાં આવી છે. જેમાં શહેરના A, M, N, SG-૧ અને SG-૨ પોલીસ સ્ટેશનની હદમાં કેટલોક મહત્ત્વનો વિસ્તાર ઉમેરીને હદની ફાળવણી કરવામાં આવી છે.

મિડીયા રિપોર્ટ મુજબ, અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર જિલ્લા પોલીસને એસપી રિંગરોડના કેટલાક વિસ્તારને લઈને અસમંજસ હતી. ક્યો વિસ્તાર કોની હદમાં આવે તે મામલે માથાકૂટ રહેતી હતી. આ કારણે વિવાદ પણ સર્જાતો હતો. હદની માથાકૂટને કારણે નાગરિકોને પણ સહન કરવાનો વારો આવતો હતો. આ પ્રકારની સમસ્યા અને મથામણને દૂર કરવા માટે અમદાવાદ પોલીસ સતર્ક બની હતી. તેથી અમદાવાદ ટ્રાફિક પોલીસની મદદથી નવા હદ વિસ્તારનું વિભાજન કરવામાં આવ્યું છે. કયા વિસ્તારો કોનામાં આવે તે નક્કી કરાયું છે.

**હદ વિસ્તારમાં કોને ક્યાં સમાવાયા?**

રિપોર્ટ મુજબ, શહેરના છ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં વસ્ત્રાપુર, ઘાટલોડિયાની હદના વિસ્તારની સાથે એસજી હાઈવે તથા તેની બંને તરફના ૧૦૦ મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરાયો છે.

B ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં નારણપુરા, નવરંગપુરા, યુનિ., વાડજ તથા રિવરફ્રન્ટ ઈસ્ટનો સમાવેશ કરાયો છે.

M ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં એલિસબ્રિજ, સરખેજ, વાસણા, વેજલપુર તથા રિવરફ્રન્ટ વેસ્ટની સાથે એસજી હાઈવે તથા તેની બંને તરફના ૧૦૦ મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરાયો છે.

N ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં બોડકદેવ, આનંદનગર, પાલડી, સેટેલાઈટની સાથે એસજી હાઈવે તથા તેની બંને તરફના ૧૦૦ મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરાયો છે.

SG-૧ની હદમાં વૈષ્ણોદેવી સર્કલ સહિતના રિંગ રોડ સુધીના રોડથી લઈને થલતેજ ચાર રસ્તા સુધીના એસજી હાઈવે તથા તેની બંને બાજુના ૧૦૦ મીટર વિસ્તારનો સમાવેશ કરાયો છે.

SG-૨માં થલતેજ ચાર રસ્તાની આગળથી લઈને સનાથલ સર્કલ સહિતના રિંગ રોડ સુધીનો રોડ તથા બંને બાજુના ૧૦૦ મીટર વિસ્તારનો સમાવેશ કરાયો છે. અમદાવાદ શહેરની આસપાસ આવેલા રિંગ રોડના હદ વિસ્તારોની વિસંગતતા દૂર કરીને તેને અમદાવાદ શહેરમાં સમાવેશ કરાયા બાદ હવે ટ્રાફિક પોલીસ સ્ટેશનને નવા હદ વિસ્તાર નક્કી કરવામાં આવ્યા છે. ગૃહ વિભાગે લીધેલા આ નિર્ણયથી હવે વહીવટી અનુકુળતાની સાથે સાથે સામાન્ય જનતાની સમસ્યાઓ પણ દૂર થશે. જેથી બનાવ બનતા સમયે જે હદને લઈને વિસંગતતા હતી તે હવે દૂર થશે. સાથે જ વીવીઆઈપી મુવમેન્ટ અને બંદોબસ્તને લઈને પણ માથાકૂટ થતી હતી, તેમાં પણ કોઈ પ્રકારની અડચણ નહિ આવે.

# ૧૩૨ ફુટ રીંગ રોડ પર બેફામ ફરે છે યમદૂત જેવા ભારે વાહનો

અમદાવાદ : શહેરમાં વિકાસની ગતિની સાથે સાથે સમસ્યાઓ પણ વિકરાળ બની રહી છે. ખાસ કરીને ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો બની ગઈ છે, અને તેમાં મુખ્યત્વે પીક અવર્સ દરમિયાન શહેરમાં ઘૂસી માતેલા સાંઢની જેમ ફરતા ભારે વાહનો વધુ જવાબદાર છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો સરેઆમ ભંગ કરીને ડમ્પર, ખાનગી લક્ઝરી બસો અને ટ્રકો બેફામ શહેરના રસ્તાઓ પર દોડી રહ્યા છે, પરંતુ તેમને રોકનાર કોઈ નથી. અતિવ્યસ્ત રસ્તાઓ પર પણ પીક અવર્સમાં ટ્રાફિક પોલીસના જવાનોની ગેરહાજરી સામાન્ય બની ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભારે વાહનોની અવરજવર મોટેભાગે ૧૩૨ ફુટ રીંગ રોડ પર જોવા મળી રહી છે. જેમાં મુખ્યત્વે સતાધાર ચાર રસ્તા, ભૂયંગદેવ ચાર રસ્તા, પારસનગર, સોલા ક્રોસ રોડ, વાળીનાથ ચોક સહિતના રસ્તાઓ પર ખાસ કરીને સાંજના પીક અવર્સમાં ડમ્પરો અને ખાનગી લક્ઝરી બસોનો સતત કાફલો જોવા મળે છે, છતાં તેમને અટકાવવામાં આવતા નથી.આ સિવાય સુભાષબ્રીજ સર્કલ પર ખાનગી લક્ઝરી બસોનું એસ ટી ડેપો હોય તેમ સમી સાંજથી કાર્યરત થઈ લક્ઝરી બસોનો ઢગલો જોવા મળતો હોય છે.

આ પરિસ્થિતિ ફક્ત ૧૩૨ ફુટ રીંગ રોડ પર જોવા મળે છે એવું નથી, આવી જ સ્થિતિ તો શહેરના અનેક વિસ્તારોમાં પણ જોવા મળે છે. વધુમાં, સવાલ એ પણ થાય છે કે કોના આંખ મિચામણા હેઠળ શહેરી વિસ્તારોમાં 'યમદૂત' જેવા આવા ભારે વાહનો બેફામ ફરે છે? શું ટ્રાફિક પોલીસ, સ્થાનિક પોલીસ કે શહેર પોલીસ કમિશનરને આની જાણ નહીં હોય? કે પછી જાણી જોઈને આ બાબતે અનદેખી કરવામાં આવી રહી છે? કારણ કે શહેરમાં અનેક એવી ઘટનાઓ બની છે જેમાં આવા ભારે વાહનોના કારણે ગમખ્વાર અકસ્માતો સર્જાયા છે અને તેમાં નિર્દોષ વાહનચાલકો કે રાહદારીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

**ભારે વાહનો માટે શું છે શહેર પોલીસનું જાહેરનામું?**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના ગત મહિનાના જાહેરનામા મુજબ, સવારે ૮ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી, અને સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી તમામ પ્રકારના ભારે તથા મધ્યમ ગુડ્સ વાહનોને શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવાયેલો છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ કાર્યવાહી થઈ શકે છે. આ જાહેરનામામાં ફક્ત કેટલાક માર્ગો પર જ ભારે વાહનોને છૂટ આપવામાં આવી છે.

**ખાદ્યપદાર્થોમાં જીવાત નીકળવાના કિસ્સા વચ્ચે ખુલાસો**

# માંડ ૧૦ ટકા રેસ્ટોરા-ખાણીપીણીનાં વેપારીઓ પાસે 'પેસ્ટ કન્ટ્રોલ' સર્ટીફીકેટ

અમદાવાદઃ અમદાવાદ હોય કે રાજયના કોઈ પણ શહેરમાં ખાદ્યપદાર્થોમાં જીવાત નિકળવાની ઘટનાઓ વખતોવખત પ્રકાશમાં આવે છે ત્યારે માંડ ૧૦ ટકા રેસ્ટોરા જ પેસ્ટ કન્ટ્રોલ સર્ટીફીકેટ ધરાવતા હોવાનો ખુલાસો થયો છે.

છેલ્લા એક વર્ષમાં અમદાવાદની ફાઈવ સ્ટાર હોટેલથી માંડીને નાની હોટેલ અને રેસ્ટોરન્ટમાં જીવાતો નીકળવાની ઘટનાઓ સામે આવી છે. અમદાવાદની કુલ ૩૬૨૮ ખાણીપીણીની હોટેલ, રેસ્ટોરેન્ટસ અને સ્ટ્રીટ ફૂડના રજીસ્ટર્ડ આઉટલેટમાંથી માત્ર ૧૦ ટકા હોટેલોએ જ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ મેળવ્યું છે. ત્રણ હજારથી વધુ હોટલોમાં જીવાતોને નિયંત્રિત કરવાની કોઈ પોલીસી નથી. વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં ૨૨૧૪ રેસ્ટોરન્ટ કેટેગરીની હોટલો હતી. જેમાં ચાર ટકાનો વધારો થયો છે.

વધતો જતો સ્વાદ રસિયાઓનો પ્રવાહ, હોટલના કિચનમાં નિયમિત સ્વચ્છતાનો અભાવ અને ટ્રેઈન્ડ સ્ટાફમાં શિસ્તના અભાવને કારણે વારંવાર જીવાતો અને વાસી ખાદ્ય પદાર્થોની ફરીયાદો આવી રહી છે. માત્ર સામાન્ય હોટેલો જ નહીં ઘણીવાર ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો જોવા મળી છે.

જાણીતી રેસ્ટોરેન્ટના માલિક જણાવે છે કે, 'દરેક હોટેલ અને રેસ્ટોરન્ટે પેસ્ટ કંટ્રોલ પોલીસી અનુસરવી જરૂરી છે. તેને લગતી એજન્સીઓ અને સ્વચ્છતાના ધોરણો છે. પરંતુ જે રીતે હોટલોમાં ગ્રાહકોનો ધસારો છે તેની સામે કોઈની પાસે સ્વચ્છતા જાળવવાનો સમય નથી રહેતો એ મોટી વિડંબના છે. મોટા ભાગે આવી કોઈપણ ઘટના બને ત્યારે ગ્રાહક સાથે સમાધાન કરી લેવામાં આવે છે.






**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.